| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૫ | ૦૭ | ૨૦૧૮ |
| નોંધણી તારીખ | ૨૫ | ૦૭ | ૨૦૧૮ |
| નિર્ણય તારીખ | ૩૦ | ૦૩ | ૨૦૨૬ |
| સમય ગાળો | વર્ષ ૦૭ | માસ ૦૮ | દિવસ ૦૫ |

# મે.એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજશ્રીની કોર્ટ સમક્ષ,પાટણ મું.રાધનપુર

**રેગ્યુલર સીવીલ અપીલ નં.૭૭/૨૦૧૮**
જુનો રેગ્યુલર સીવીલ અપીલ નં.૪૫/૨૦૧૮
**આંક–૬**

**વિવાદી:** **ઠાકોર રઘુભાઈ જગમાલજી,**
રહે.દાઉદપુર, તા.સમી, જિ.પાટણ

**વિરૂધ્ધ**

**પ્રતિવિવાદી:** **(૧) ઠાકોર અરવિંદજી રૂપાજી,**
**(૨) ઠાકોર બાલાજી રૂપાજી,**
**(૩) ઠાકોર સમુબેન રૂપાજી (મૈયત),**
તમામ રહે.દાઉદપુર, તા.સમી, જિ.પાટણ

**બાબત:** સિવિલ પ્રોસીજર કોડની કલમ–૯૬ અન્વયે.

| **–: એડવોકેટસ :–** | |
|---|---|
| વિવાદી તરફે વિ.વ.શ્રી | એસ.આર.દવે |
| પ્રતિવિવાદીઓ તરફે વિ.વ.શ્રી | –– |

**–:: ઠરાવ ::–**

(૧) વિવાદી ધ્વારા હાલની અપીલ સિવિલ પ્રોસીજર કોડની કલમ–૯૬ તળે મે.પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટ, સમી (જેઓને હવે પછી હાલની અપીલના કામે વિ.ટ્રાયલ કોર્ટ તરીકે સંબોધવામાં આવેલ છે) ધ્વારા રેગ્યુલર દિવાની મુકદમા નં.૧૭/૨૦૧૪ ના કામે કરવામાં આવેલ હુકમ અને હુકમનામાં સામે કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

| **રે.દિ.મુ.નં.૧૭/૨૦૧૪** | **રેગ્યુલર સીવીલ અપીલ નં.૭૭/૨૦૧૮** |
|---|---|
| **વાદી**<br><br>**ઠાકોર રઘુભાઈ જગમાલજી,**<br>રહે.દાઉદપુર, તા.સમી, જિ.પાટણ | **વિવાદી**<br><br>**ઠાકોર રઘુભાઈ જગમાલજી,**<br>રહે.દાઉદપુર, તા.સમી, જિ.પાટણ |
| **પ્રતિવાદી**<br><br>**(૧) ઠાકોર અરવિંદજી રૂપાજી,**<br>**(૨) ઠાકોર બાલાજી રૂપાજી,**<br>**(૩) ઠાકોર સમુબેન રૂપાજી (મૈયત),**<br>તમામ રહે.દાઉદપુર, તા.સમી, જિ.પાટણ | **પ્રતિવિવાદી**<br><br>**(૧) ઠાકોર અરવિંદજી રૂપાજી,**<br>**(૨) ઠાકોર બાલાજી રૂપાજી,**<br>**(૩) ઠાકોર સમુબેન રૂપાજી (મૈયત),**<br>તમામ રહે.દાઉદપુર, તા.સમી, જિ.પાટણ |

(૨) આ કામે મુળ દાવાની ટુંકમાં હકીકત જોતાં હાલની આ વિવાદ અરજમાં વિવાદી મૂળ દાવાના કામે વાદી હતા તથા પ્રતિવિવાદી મૂળ દાવાના કામ પ્રતિવાવાદી હતા અને એ રીતે પક્ષકારોને આ અપીલના કામે સમજવાના રહેશે.

(૩) આ કામે મુળ દાવાની હકીકત નીચે મુજબની છે.

"૧. મોજે ગામ દાઉદપુર તા.સમી મુકામે ગામ ઝાપો નામ થી ઓળખાતા મોહલ્લામાં અમો વાદીનું રહેણાંક નું મકાન અને તે આગળ ની ખુલ્લી જગ્યા સહીતનું આવેલું છે. સદર મિલકત ગ્રામ પંચાયત દાઉદપુરના રેકંડ ઉપર આકણી પત્રક ના અ.નુ.નં.૩૫૭ અને મિલકત નં.૫૭/૧ થી અમો વાદીના નામથી માલિક કબ્જેદાર તરીકે ચાલે છે.જેની ચર્તુરદિશા નીચે મુજબ છે.

ઉત્તરે : દાડમબેન જગમાલભાઈ નું મકાન આવેલ છે.

દક્ષિણ : ખુલ્લી જગ્યા અને માર્ગ આવેલ છે.

પુર્વ : ખુલ્લી જમીન તથા માર્ગ આવેલ છે.

પશ્ચિમે : અમારા મકાન આગળ ની ખુલ્લી જગ્યા આવેલ છે.

૨. દાવા અરજ પેરા એકમાં બતાવેલ મિલકત અમારી સ્વત્રત માલિકો અને કબ્જા ભોગવટામાં આવેલી છે. પ્રતિવાદી નં.૧ ઠાકોર અરવિદજી રૂપાજી તથા પ્રતિવાદી નં.૨ ઠાકોર બાલાજી રૂપાજી બન્ને ભાઈઓ થાય છે અને પ્રતિવાદી નં.૩ બન્ને ની માતા થાય છે.સદર તકરારી મિલકતમાં કાચું મકાન અમો વાદી ની ગેર હાજરી માં પ્રતિવાદી નં. ૧તથા પ્રતિવાદી નં.૨ બનાવી તેમની માતૃ શ્રી એટલે કે પ્રતિ નં.૩ સમુબેન ને રહેવા આપેલ છે.આમ હાલે પ્રતિવાદી નં.૩ અમારી સદર મિલકતમાં રહે છે.સદર મિલકત ઉપર પ્રતિવાદીઓ નું કોઈ જાતનું માલિકી હકક કે લાગ–ભાગ કે હકક હિસ્સો નથી. તેમ છતાં આ કામના પ્રતિવાદીઓ એ આશરે ૧૦ માસ અગાઉ અમારી ગેરહાજરીમાં અમો વાદી ધંધા અર્થ બહાર ગામ ગયેલા હતાં તે દરમિયાન અમારી ગેર હાજરીનો ગેર લાભ ઉઠાવી ને દાવા વાળી મિલકત પૈકી અમારા ઘર આગળ ની પશ્ચિમ દિશા તરફ ની ખુલ્લી જમીનના ભાગ ની ગેર કાયદેસર પ્રવેશ કરી ને ઈંટ માટી નું કાચું મકાન બનાવી ને અમારી માલિકી ની જગ્યાનો ગેરકાયદેસરનો કબ્જો કરેલ છે. આ અંગે પ્રતિવાદીઓ ને સદર અમારી મિલકત ઉપર થી બાંધકામ દુર કરવા જણાવતાં પ્રતિવાદી નં. ૧તથા ૨ નાએ થાય તે કરી લેવા જણાવેલ છે. જેથી અમારે હાલઆ દાવો કરવાની જરૂર પડી છે. તેમજ અમો વાદી એ આ બાબતે કલેકટર શ્રી પાટણ ને પણ જમીનનો કબ્જો ખુલ્લો કરવા તારીખ /૧૪/૧૨/૨૦૧૩ ના રોજ અરજી કરેલ છે. તેમજ બીજી અરજી તારીખ –૨/૭/૨૦૧૪ ના રોજ કરેલ છે. તેમ છતાં કબ્જો ખુલ્લો ન કરવાથી આ દાવો કરવાની જરૂર પડી છે.

૩. દાવા નું કારણ પ્રતિવાદીઓ એ આશરે ૧૦ માસ અગાઉ અમારી ગેરહાજરીમાં અમારા દાવાવાળા મકાન આગળની પશ્ચિમ દિશાર તરફની ખુલ્લી જમીનનો ગેરકાયદેસર કબ્જો કરેલ છે. તેમજ અમો વાદી એ આ બાબતે કલેકટર શ્રી પાટણ ને પણ જમીનનો કબ્જો ખુલ્લો કરવા તારીખ

/૧૪/૧૨/૨૦૧૩ ના રોજ અરજી કરેલ છે. તેમજ બીજી અરજી તારીખ – ૨/૭/૨૦૧૪ ના રોજ કરેલ છે.તેમ છતાં કબ્જો ખુલ્લો ન કરવાથી આ દાવો કરવાની જરૂર પડી છે.ત્યાર થી કારણ ઉત્પન્ન થયું છે.

૪. દાવો મુદત અંદર લાવવામાં આવેલ છે.તેમજ આ દાવો આપ નામદાર કોર્ટ ને સાંધળવાની હકુમત અને અધિકાર છે.

૫. દાવાનો આક રૂપિયા ૧૦૦૦/– ગળી ને કોર્ટ ફી સ્ટેમ્પ રૂા. ૧૦૦/– નો આપેલ છે.

૬. અમો વાદી નું સરનામું મથાળે લખ્યા મુજબનું અને બરાબર અને ખરું છે.

૭. આ સાથે સરનામાં પુરશીસ તથા વાપત્રક તથા લિસ્ટ મુજબના કાગળો તથા પ્રતિવાદીઓ ને આપવાની નકલ સામેલ છે.

૮. સબબ દાદ માંગવાની કે,

૧. મોજે ગામ દાઉદપુર તા.સમી મકામે ગામ ઝાપા નામ થી ઓળખાતા મોહલ્લામાં આવેલ અમો વાદી ની મિલકત ગ્રા.પં.આકારણી પત્રક અ.નુ.૩૫૭ ની મિલકત નં.૫૭/૧ વાળા અમારા રહેણાંકના મકાન આગળની પશ્ચિમ તરફના ભાગે આવેલ જમીનમાં પ્રતિવાદી નં.૩કાચું મકાન બનાવીને રહે છે.તે બાંધકામ પ્રતિવાદીના ખર્ચે દુર કરાવી ને અમારી જમીન યથાવત સ્થિતિમાં ખુલ્લી કરાવીને તેનો કબ્જો પ્રતિવાદીઓ પાસેથી અમો વાદી ને અપાવવાનો હુકમ કરવાનો મે. થશે.

૨. આ દાવોનો તમામ ખર્ચે પ્રતિવાદીઓ પાસેથી અપાવવા તથા અન્ય જરૂરી દાદ મે. થશે.".

(૪) મૂળ દાવાના કામે પ્રતિવાદીઓને નોટીસ બજવા છતાં પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નં.૨ અને નં.૩ નાઓ દાવાના કામે હાજર રહેલ ન હોય તેઓ સામે દાવાની કાર્યવાહી એકતરફી ચલાવવા હુકમ કરવામાં આવેલ છે તથા પ્રતિવાદી નં.૧ નાઓ

તેમના વિ.વ.શ્રી મારફતે દાવાના કામે હાજર થયેલ પરંતુ પ્રતિવાદી નં.૧ ને દાવાનો જવાબ રજુ કરવા માટે પુરતી તક આપવા છતાં જવાબ રજુ કરેલ ન હોય, પ્રતિવાદી નં.૧ નો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા રે.દી.મુ.નં .૧૭/૨૦૧૪ ના કામે આંક–૧૯ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ હતા.

**મુદ્દા**

**મુદ્દા નં.–૧.** Whether the plaintiff proves that the suit property is under his independent ownership and possession? **હકારમાં**

**મુદ્દા નં.–૨.** Whether the plaintiff proves that the defendants have illegally encroached the suit property by construction of kuchha House on the western side of the plaintiff's house & the defendant no.3 is in the possession of the said house? **નકારમાં**

**મુદ્દા નં.–૩.** Whether the plaintiff's suit is barred by the law of Limitation? **નકારમાં**

**મુદ્દા નં.–૪.** Whether the plaintiff is entitled for the relief as claimed for? **નકારમાં**

**મુદ્દા નં.–૫.** What Order & Decree? **આખરી હુકમ મુજબ**

(૫) વાદી ધ્વારા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રે.દી.મુ નં.૧૭/૨૦૧૪ ના કામે રજુ કરવામાં આવેલ હતો.

**મૌખિક પુરાવો:**

| અ.નં. | આંક નંબર | મૌખિક પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૨૪ | વાદી ઠાકોર રઘુભાઈ જગમાલજીનું સરતપાસનું સોગંદનામુ |

**<u>દસ્તાવેજી પુરાવો:</u>**

| અ.નં. | આંક | દસ્તાવેજી પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૪૧ | ગામ નમુના નં.૬ નો ઉતારો |
| ૨ | ૪૨ | ફેરફાર નોંધ નં.૯૧૧ ની નકલ |
| ૩ | ૪૩ | ફેરફાર નોંધ નં.૧૦૨૧ ની નકલ |
| ૪ | ૪૪ | ફેરફાર નોંધ નં.૧૦૨૨ ની નકલ |
| ૫ | ૪૫. | ફેરફાર નોંધ નં.૧૦૨૩ ની નકલ |
| ૬ | ૪૬ | ગામ નમુના નં.૮–અ ની નકલ |
| ૭ | ૪૭ | ગામ નમુના નં.૭ અને ૧૨ ની નલક |
| ૮ | ૫૦ | રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૨૮૭૮ ની નકલ |

(૬) પ્રતિવાદી નં.૨ ધ્વારા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રે.દી.મુ નં.૮/૨૦૧૭ ના કામે રજુ કરવામાં આવેલ હતો.

**<u>મૌખિક પુરાવો:</u>**

| અ.નં. | આંક નંબર | મૌખિક પુરાવની વિગત |
|---|---|---|
| ૧ | ૬૬ | પ્રતિવાદી નં.૨ ની સોગંદ ઉપર જુબાની |

**<u>દસ્તાવેજી પુરાવો:</u>**

| અ.નં. | આંક નંબર | દસ્તાવેજી પુરાવની વિગત |
|---|---|---|
| ૧ | ૬૮ | રીવિઝન નં.૪૬/૧૩ ના કામે સચિવશ્રી, મહેસુલ વિભાગ (વિવાદ) ના હુકમની નકલ |
| ૨ | ૬૯ | ગામ નમુના નં.૭ ની નકલ |
| ૩ | ૭૦ | ગામ નમુના નં.૧૨ ની નકલ |
| ૪ | ૭૧ | ફેરફાર નોંધ નં.૧૨૧૨ ની નકલ |

(૭) વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા વાદી તથા પ્રતિવાદી ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો વંચાણે લીધા બાદ અને વાદી તથા પ્રતિવાદી નાઓના વિ.વ.શ્રીઓની દલીલો વંચાણે લીધા બાદ વાદીનો દાવો રદ કરેલ અને તે હુકમ અને હુકમનામાંથી નારાજ થઈને મુળ વાદી ધ્વારા હાલની અપીલ દાખલ કરવામાં આવે છે.

(૮) મેમોરેન્ડમ ઓફ અપીલમાં વાદી ધ્વારા અપીલ મંજુર કરવા માટે કારણો દર્શાવેલ છે તે નીચે મુજબ છે,

" (૧) અમો વિવાદી નીચેની કોર્ટમાં મુળ દાવાના કામે વાદી હતા. અને હાલના પ્રતિવિવાદીઓ નીચેની કોર્ટમાં મૂળ દાવાના કામે પ્રતિવાદીઓ હતા.
(૨) મોજે ગામ દાઉદપુર તા. સમીના મુકામે ગામઝાંપો ના નામથી ઓળખાતા મહોલ્લામાં વિવાદીનું રહેણાંકનું મકાન અને તેની આગળ ખુલ્લી જગ્યા સહિતનું આવેલુ છે. સદર મિલ્કત દાઉદપુર ગ્રામ પંચાયતના રેકર્ડ ઉપર અનુ.નં. ૩૫૭ અને મિલકત નં. ૫૭/૧ થી આવેલ છે. સદર મિલ્કત વિવાદીના નામે ચાલે છે. અને જે તેમની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલી છે. સદર મિલ્કતમાં પ્રતિવાદીઓનો કોઈ હકક હિસ્સો ન હોવા છતાં વાદીની ગેરહાજરીમાં પ્રતિવિવાદી નં. ૧ તથા ૨ ના એ કાચુ મકાન બનાવી પ્રતિવાદી નં. ૩ તેમના માતૃશ્રી સમુબેનને રહેવા માટે આપેલું. વિવાદી ધંધાર્થે બહારગામ ગયેલ હતા તે દરમ્યાન તેમની ગેરહાજરીમાં હાલના પ્રતિવાદીઓએ આશરે ૧૦ માસ અગાઉ વિવાદીની મિલ્કતમાં તેમના રહેઠાણના ઘરની આગળ પશ્ચિમ દિશા તરફની ખુલ્લી પડેલ જગ્યામાં ગેરકાયદેસર પ્રવેશ કરી ઇંટ માટીનું કાચુ મકાન બનાવી ગેરકાયદેસરનો કબજો વાદીની માલીકીની ખુલ્લી જગ્યામાં કરેલ. સદર બાંધકામ એટલેકે કરેલ દબાણ પ્રતિવાદીઓને દૂર કરવાનું કહેતા પ્રતિવાદીઓ નં. ૧ તથા ૨ નાએ થાય તે કરી લેવા જણાવેલ. જેથી હાલના વિવાદીએ મે. સમીના પ્રીન્સી. સીવીલ જજ સાહેબની કોર્ટમાં રે.દિ.મુ.નં. ૧૭/૧૪ નો દાવો દાખલ કરેલ છે. જે દાવો ચાલી જતાં તા. ૨૮-૬-૧૮ ના રોજ થયેલ હુકમ તથા હુકમનામાથી નારાજ થઈ નીચેના કારણોસર હાલની આ અપીલ દાખલ કરવાની જરૂર પડેલ છે.

(૩) કારણો :

(૧) નામદાર નીચેની કોર્ટનો ઠરાવ તથા હુકમનામું કાયદાના સ્વીકૃત ધારાધોરણ વિરૂધ્ધનું હોવાથી સદર નીચેની કોર્ટનો હુકમ તથા હુકમનામું રદ થવા પાત્ર છે.

(૨) નામદાર નીચેની કોર્ટે હાલના વિવાદીએ દાવાના કામે જે પુરાવા રજુ કરેલ છે તેને સદંતર ધ્યાનમાં લીધા સીવાય નિર્ણય કરેલ હોઈ ઠરાવ તથા હુકમનામું દેખીતી રીતે ભૂલ ભરેલું હોઇ રદ થવા પાત્ર છે.

(૩) નામદાર નીચેની કોર્ટે દાવાના કામે યોગ્ય અને યથાર્થ નિર્ણય કરવાન જે મુદ્દાઓ કેમ કરેલ છે. તેનું યોગ્ય મૂલ્યાંકન, અર્થઘટન કરેલ ન હોઈ નીચેની કોર્ટનો ઠરાવ તથા હુકમનામું રદ થવા પાત્ર છે.

(૪) વાદીએ રજુ કરેલ આંક–૨૯ થી ગ્રામ પંચાયત, દાઉદપુરના ઠરાવ બુકની પ્રોસેસીંગની નકલ રજુ કરેલ તેમજ આંક–૩૦ થી નીચેની કોર્ટમાં રજુ થયેલ ગ્રામ પંચાયત દાઉદપુરના સને ૨૦૧૪–૨૦૧૫ ના વર્ષની આકારણી પત્રક અ.નં. ૩૫૭ ની કોપી રજુ કરેલ તે જોતાં સદર મિલ્કત વાદીના/વિવાદીના નામથી માલીક અને કબજેદાર તરીકે નોંધાયેલ છે. તેમજ દાવાવાળી મિલકતની આગળ પશ્ચિમ દિશાએ પ્રતિવિવાદીઓએ કાચુ મકાન બનાવી દબાણ કરેલ છે. તેવો પુરાવો વાદીએ પોતાની સરતપાસ જણાવેલ છે. તેમજ દાવો દાખલ થયા પહેલા હાલના વિવાદીએ તા. ૨–૭–૧૪ ના રોજ જીલ્લા કલેકટરશ્રી, પાટણને તથા તા. ૩–૭–૧૪ ના રોજ તાલુકા વિકાસ અધિકારી, સમીને લેખીતમાં જાણ કરેલ કે હાલના પ્રતિવાદીએ અમારી મિલકતમાં દબાણ કરેલ છે. તે દબાણ દૂર કરવા જણાવેલ છે. તેવી હકીકત રેકર્ડ ઉપર હોવા છતાં તેમજ વિવાદીએ પુરાવામાં પણ જણાવેલ હોવા છતાં નીચેની કોર્ટ સદર હકીકત બીસ્કુલ લક્ષમાં લીધેલ નથી. અને એક તરફી નિર્ણય કરેલ હોઈ નીચેની કોર્ટનો હુકમ તથા હુકમનાનું રદ થવા પાત્ર છે.

(૫) પ્રતિવાદીઓ નામ. કોર્ટમાં હાજર રહી વાદીની દાવા અરજનો કોઈ જવાબ આપેલ નથી. તેમજ વાદી સાહેદની કોઈ ઉલટ તપાસ કરેલ નથી. તેમજ વાદીની હકીકતને ખંડન કરતો કોઈ પુરાવો આપેલ નથી. છતાં તેવી બાબતને નીચેની કોર્ટે બીસ્કુલ લક્ષમાં લીધેલ નથી. જેથી નીચેની કોર્ટનો હુકમ રદ થવા પાત્ર છે.

(૬) મુદ્દા નં. ૨ ની વિગતે જોતાં શું વાદી પુરવાર કરે છે પ્રતિવાદીઓ વાદીની મિલ્કતમાં ગેરકાયદેસર પ્રવેશી પશ્ચિમ દિશામાં કાચુ મકાન બનાવેલ છે ?

(૫) સમય મર્યાદા :

નામદાર નીચેની કોર્ટે તા. ૨૮–૬–૧૮ ના રોજ હુકમ તથા હુકમનામું કરેલ હોઇ હુકમનામાની તારીખથી ૩૦ દિવસમાં અપીલ કરેલ હોઈ સમય મર્યાદાનો કોઈ બાધ નથી.

(૬) આ વિવાદ સાથે વકીલપત્ર, તેમજ રે.દિ.મુ.નં. ૧૭/૧૪ ના ઠરાવ તથા હુકમનામાની ખરી નકલ તથા પ્રતિવાદીઓએ આપવાની નકલો સામેલ છે.

(૭) હુકુમત :

નામદાર નીચેની કોર્ટ આપ સાહેબના તાબાની હકુમતમાં આવતી હોવાથી સુંદર અપીલ દાખલ કરવા અને સાંભળવા સત્તા અને હકુમત પહોંચે છે.

(૮) સબબ વિનંતી કે

(૧) અમો વિવાદીએ ઉપર જણાવેલ કારણોને ઘ્યાનમાં કરી મે. સમીના કોર્ટનું રેકર્ડ મંગાવી અમારી અપીલ મંજુર કરી મે. સમીના પ્રીન્સી. સી. જજ સાહેબની કોર્ટના રે.દિ.મુ.નં. ૧૭/૧૪ નો તા. ૨૮–૬–૧૮ ના રોજ કરેલ ઠરાવ તથા હુકમનામું રદ કરવા મે. થશે.

(૨) આ અપીલ સબંધી આપ નામ. કોર્ટને બીજો યોગ્ય લાગે તેવો ન્યાયીક હુકમ કરવા મે. થશે.

(૩) આ વિવાદનું તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા હુકમ કરવા મે. થશે.''.

**(૯)** હાલની રેગ્યુલર દિવાની અપીલ નં.૭૬/૨૦૧૮ ના કામે પ્રતિવિવાદીઓને મુદત તા.૧૮/૦૮/૨૦૧૮ ના રોજ નોટીસ બજેલ છે, પરંતુ તેઓ જાતે કે તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ ન હોઈ, જેથી તા.૦૭/૦૨/૨૦૨૬ ના રોજ પ્રતિવિવાદીઓ સામે અપીલ એકતરફી ચલાવવા હુકમ કરેલ છે.

**(૧૦)** વિવાદી ધ્વારા આંક–૧૫ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે :,

"(૧) અમો વિવાદી તે નીચેની નામ. કોર્ટમર્મા વાદી હતા. અને હાલના પ્રતિવિવાદી તે દાવાના કામે મૂળ પ્રતિવાદી હતા. મોજે દાઉદપુર તા. સમી મુકામે ગામઝાંપાના નામથી ઓળખાતા મહોલ્લામાં અમો વિવાદીનું મકાન આવેલ છે. અને તે ખુલ્લી જગ્યા સહિત આવેલ છે. સદર મિલ્કત અનુ.નં. ૩૫૭ અને મિલ્કત નં. ૫૭/૧ થી આકારણી પત્રકે નોંધાયેલ છે. સદર મિલ્કતની પશ્ચિમ દિશા તરફ ખુલ્લી જગ્યામાં અમો વિવાદીની ગેરહાજરીમાં પ્રતિવિવાદી નં. ૧ અને ૨ નાઓએ કાચુ મકાન (ઢાળીયુ) બનાવી પ્રતિવિવાદી નં. ૩ (તેમના માતૃશ્રી) ને ૧૦ માસ અગાઉ રહેવા માટે આપેલું. આમ પ્રતિવિવાદીઓએ અમારી માલીકીની જગ્યામાં ગેરકાયદેસર પ્રવેશ કરી ઈંટ માટીનું કાચુ મકાન કરી અમારી જગ્યામાં દબાણ કરેલ તે દબાણ દુર કરવા દાવો દાખલ કરતાં નામ. નીચેની કોર્ટના રે.દિ.મુ.નં. ૧૭/૧૪ નો દાવો તા. ૨૮-૬-૨૦૧૮ ના રોજ ના-મંજુર કરેલો જે હુકમ અને હુકમનામાં વિરૂધ્ધની આ અમારી વિવાદ અરજી છે.

(૨) નામદાર નીચેની કોર્ટનો હુકમ અને હુકમનામું કાયદાના સ્વીકૃત ધોરણો વિરૂધ્ધનો હોઈ સદર હુકમનામું રદ થવા પાત્ર છે.

(૩) નામ. નીચેની કોર્ટે દાવાના કામે આંક-૧૯ થી જે મુદ્દાઓ કાઢેલા છે તેનું યોગ્ય મૂલ્યાંકન અને અર્થઘટન કરેલ ન હોઈ નીચેની કોર્ટનો હુકમ અને હુકમનામું રદ થવા પાત્ર છે. નામ. નીચેની કોર્ટે મુદ્દા નં. ૨ માં વર્ણવેલ છે. શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવિવાદીએ ગેરકાયદેસર કાચુ મકાન વાદીની મિલકતની પશ્ચિમ દિશાએ બનાવી પ્રવેશ કરેલ છે. અને પ્રતિવાદી નં. ૩ ને કબજામાં સોંપેલ છે ? તેનો જવાબ નકારમાં આપેલ છે. હકીકતમાં વાદીની જુબાની આંક-૨૪ થી નામ. કોર્ટ રૂબરૂ થયેલ છે. જે દાવાની તમામ હકીકતને સમર્થન આપતુ સોગંદનામુ રજુ કરેલ છે. વાદી તર્ફે આંક-૨૯ થી ગ્રામ પંચાયત, દાઉદપુરના ઠરાવ બુકની નકલ રજુ કરેલ છે. તેમજ આંક-૩૦ થી આકારણી પત્રક રજુ કરેલ છે. આંક-૩૧ થી મકાનની ચર્તુદિશા દર્શાવતો દાખલો રજુ કરેલ છે. અને ખાલી પ્લોટ રઘુભાઈ જગમાલભાઈ ખાતે કરવા અંગે પંચાયતનો ઠરાવ રજુ કરેલ છે. જે ન માનવાને કોઈ કારણ નથી. પ્રતિવાદીએ દાવાનો કોઈ જવાબ રજુ કરેલ નથી કે ઉલટ તપાસ પણ કરેલ નથી.

(૪) મુદ્દા નં. ૨ નકારમાં આપેલ છે. હકીકતમાં પ્રતિવાદીએ વિવાદીની ખુલ્લી જગ્યામાં પ્રવેશી કાચુ ઢાળીયુ બનાવેલ છે. તેવી હકીકત રેકર્ડ જોતાં વાદીની જુબાની જોતાં જણાઈ આવે છે. પરંતુ નામ. કોર્ટ તેમના ઠરાવમાં એવું જણાવેલ છે કે વાદીએ તેમની

ખુલ્લી જગ્યામાં કેટલા માપની આવેલી છે તેવું જુબાનીમાં જણાવેલ નથી કે કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેવી હકીકત ખોટી રીતે માનેલ છે. દાવા અગાઉ વિવાદીએ કલેકટર, પાટણ અને સમી તા. પંચાયતને પણ સદર દબાણ દૂર કરવા અંગે લેખીત રજુઆત કરેલ છે. જેની નકલો દાવાના કામે રજુ કરેલ છે. જેને પ્રતિવાદીએ હાજર થઈ ચેલેન્જ કરેલ નથી. જેથી અમારો સદર પુરાવો ન માનવાને કોઇ કારણ નથી. આમ તમામ પુરાવા અમોએ ચાલના કામે રજુ કરેલ છે. જે નીચેની કોર્ટે બીસ્કુલ લક્ષ્યમાં લીધેલ નથી.

(૫) પ્રતિવિવાદીએ નામ. નીચેની કોર્ટમાં હાજર થઈ દાવાનો જવાબ આપેલ નથી. તેમનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. તેમજ વાદીની ઉલટ તપાસ કરવા પણ નામ. નીચેની કોર્ટમાં હાજર રહેલા નથી. આમ સમગ્ર રીતે જોતાં નીચેની કોર્ટમાં વિવાદીએ પુરાવા રજુ કરેલ છે. પ્રતિવિવાદીએ કોઈ પુરાવો આપેલ નથી. જેથી અમારી સમગ્ર હકીકતો ધ્યાને લઈ નામ. નીચેની કોર્ટનો રે.દિ.મુ.નં. ૧૭/૧૪ ના કામે તા. ૨૮–૬–૨૦૧૮ ના રોજ કરેલ હુકમ અને હુકમનામું રદ કરવા અને અમારો દાવો મંજુર કરવા મે. થશે.''.

**(૧૧)** વિવાદીનો અપીલ મેમો તથા તેમાં દર્શાવેલ કારણો, વિવાદીની દલીલો તથા રે.દી.મુ નં.૧૮/૨૦૧૪ નું રેકર્ડ વંચાણે લેતા મારા ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા</u>**

(૧) શું વિવાદી પુરાવાર કરે છે કે, મોજે દાઉદપુર, તા.સમી મુકામે ગામ ઝાપા નામથી ઓળખાતા મોહલ્લામાં આવેલ વિવાદીની મિલકત ગ્રામ પંચાયત આકારણી પત્રક અ.નં.૩૫૭ ની મિલકત નં.૫૭/૧ વાળા વિવાદીના રહેણાંકના મકાન આગળની પશ્ચિમ તરફના ભાગે આવેલ જમીનમાં પ્રતિવિવાદી નં.૩ નાએ કાચુ મકાન બનાવેલ તે બાંધકામ દુર કરાવીને વિવાદીની જમીન યથાવત સ્થિતિમાં ખુલ્લી

કરાવીને તેનો કબજો પ્રતિવિવાદીઓ પાસેથી વિવાદીને ન અપાવીને મે. પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ, જજ, સમી નાઓએ રે.દિ.મુ. નં.૧૭/૨૦૧૪ ના કામે તા.૨૮/૦૬/૨૦૧૮ ના રોજ કરેલ હુકમ અને હુકમનામું કાયદા વિરૂધ્ધનું, અયોગ્ય અને મનસ્વી છે? જો હા, તો તે રદ થવા પાત્ર છે અને અપીલ મંજુર થવા પાત્ર છે?

(૨) શું હુકમ અને શું હુકમનામું?

**(૧૨)** ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાય નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દાઓના ન્યાય નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**<u>-:: કારણો ::-</u>**

**<u>મુદ્દા નં.૧</u>**

**(૧૩)** સદરહું અપીલના કામે અપીલ મેમોરેન્ડમ, બંને પક્ષોની દલીલો તથા દાવાના કામે બંને પક્ષના પક્ષ નિવેદનો, મૌખિક જુબાની અને દસ્તાવેજી પુરાવો વંચાણે લીધેલ છે. વિવાદી એવી તકરાર લઈને આવેલ છે કે, મોજે દાઉદપુર, તા.સમી મુકામે ગામ ઝાપા નામથી ઓળખાતા મોહલ્લામાં આવેલ વિવાદીની મિલકત ગ્રામ પંચાયત આકારણી પત્રક અ.નં.૩૫૭ ની મિલકત નં.૫૭/૧ વાળા વિવાદીના રહેણાંકના મકાન આગળની પશ્ચિમ તરફના ભાગે આવેલ જમીનમાં પ્રતિવિવાદી નં.૩ નાએ કાચુ મકાન બનાવી દિધેલ છે.

**(૧૪)** રે.દિ.મુ.નં.૧૭/૨૦૧૪ ના કામે આંક–૨૯ થી ગ્રામ પંચાયત દાઉદપુરના ઠરાવ બુકની નકલ રજુ કરવામાં આવેલ છે તેમજ આંક–૩૦ થી આકારણીના દાખલાની નકલ રજુ કરવામાં આવેલ છે તથા આંક–૩૧ થી મકાનની ચતુર્દિશા દર્શાવતો દાખલો રજુ કરવામાં આવેલ છે. આંક–૨૯ વાળો ઠરાવ વંચાણે લેતા વાદગ્રસ્ત મિલકત ઠાકોર જગમાલભાઈ લાખાભાઈના નામે ચાલતી હતી અને તેઓ મરણ જતાં આ પ્રોપર્ટીમાં આવેલ મકાન તથા ખુલ્લા પ્લોટ પૈકી મકાન તેઓની વિધવા પત્નિ ઠા. દાડમબેન જગમાલભાઈના ખાતે તથા ઘરથાળ પ્લોટ તેમના પુત્ર ઠા. રઘુભાઈ જગમાલભાઈના ખાતે કરવા અંગે ઠરાવવામાં આવેલ છે. આંક–૩૦ વંચાણે લેતા સદરહું મકાનમાં દાડમબેનનું નામ તથા ઘરથાળ જમીનમાં વિવાદીનું નામ દાખલ થયેલ છે. આંક–૩૧ થી રજુ થયેલ વાદગ્રસ્ત મકાનની ચતુર્દિશા દર્શાવતો દાખલો જોતા પશ્ચિમ દિશા તરફે ખુલ્લી જમીન તથા ઠા. સમુબેનનું મકાન આવેલ હોવાનું જણાય છે.

**(૧૫)** વધુમાં આ કામના વિવાદી ધ્વારા મુળ દાવાના કામે એવી હકીકત રજુ કરેલ નથી કે, વાદગ્રસ્ત મકાનની પશ્ચિમ દિશાએ કેટલી ખુલ્લી જમીન આવેલ છે અને તે જ જમીનમાં પ્રતિવિવાદીઓએ કાચુ મકાન બનાવેલ છે. વળી વિવાદી ધ્વારા એવી દાદ માં ગવામાં આવેલ છે કે, પ્રતિવિવાદીઓએ તેઓની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરેલ છે અને તે દબાણ દુર કરી તે જમીનનો કબજો અપાવવા માંગણી કરેલ છે. વિવાદીએ પોતાની માલીકીની ખુલ્લી જમીન કેટલી આવેલ છે તે અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. વિવાદીના ઘર આગળની ખુલ્લી જમીન વિવાદીની માલીકીની આવેલ હોય અને તે જમીનમાં જો પ્રતિવિવાદીઓએ કાચુ ઘર બનાવેલ હોય તો પ્રતિવિવાદીઓએ દબાણ કરેલાનું માની શકાય, પરંતુ વિવાદીએ પોતાની જમીન અંગે કોઈ માપ વર્ણન રજુ કરેલ નથી અને વિવાદીના ઘર આગળની પશ્ચિમ દિશામાં કેટલી જમીન ખુલ્લી આવેલ છે તે અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી, તે જોતા પ્રતિવિવાદીઓએ વિવાદીની જમીનમાં દબાણ કરેલાની હકીકત માની શકાય નહી. વિવાદીના જણાવ્યા મુજબ

પ્રતિવિવાદીઓએ વાદગ્રસ્ત જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી મકાન બાંધી કબજો કરેલ છે પરંતુ તે હકીકત બતાવતો કે પ્રતિવિવાદીઓ આ મકાનમાં રહે છે તે હકીકત બતાવતો પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી.

**(૧૬)** સદરહું અપીલના કામે અપીલ મેમોરેન્ડમ, બંને પક્ષોની દલીલો તથા દાવાના કામે બંને પક્ષના પક્ષ નિવેદનો, મૌખિક જુબાની અને દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા, રે.દિ.મુ.નં.૧૭/૨૦૧૪ ના કામે પ્રતિવિવાદીઓએ વિવાદીની મોજે દાઉદપુર, તા.સમી મુકામે ગામ ઝાપા નામથી ઓળખાતા મોહલ્લામાં આવેલ મિલકત ગ્રામ પંચાયત આકારણી પત્રક અ.નં.૩૫૭ ની મિલકત નં.૫૭/૧ વાળા વિવાદીના રહેણાંકના મકાન આગળની પશ્ચિમ તરફના ભાગે આવેલ જમીનમાં કાચુ મકાન બનાવેલ હોવાનું પુરવાર કરી શકેલ નથી.

આમ મોજે દાઉદપુર, તા.સમી મુકામે ગામ ઝાપા નામથી ઓળખાતા મોહલ્લામાં આવેલ વિવાદીની મિલકત ગ્રામ પંચાયત આકારણી પત્રક અ.નં.૩૫૭ ની મિલકત નં.૫૭/૧ વાળા વિવાદીના રહેણાંકના મકાન આગળની પશ્ચિમ તરફના ભાગે આવેલ જમીનમાં પ્રતિવિવાદી નં.૩ નાએ કાચુ મકાન બનાવેલ તે બાંધકામ દુર કરાવીને વિવાદીની જમીન યથાવત સ્થિતિમાં ખુલ્લી કરાવીને તેનો કબજો પ્રતિવિવાદીઓ પાસેથી વિવાદીને ન અપાવી તેવું ન ઠરાવી નિર્ણિત કરવામાં કોઈપણ પ્રકારની તથ્યો કે કાયદાની ભુલ કરેલ નથી. આથી ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય છે, તેમાં હસ્તક્ષેપ કરવો ન્યાયી જણાતો નથી જેથી અપીલના મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને અપીલ મંજુર થવાપાત્ર નથી, જેથી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

- વિવાદી/મુળ વાદીની અપીલ ના–મંજુર કરવામાં આવે છે.
- મે.પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ, સમી નાઓએ રે.દિ.મુ.નં. ૧૭/૨૦૧૪ ના કામે તા.૨૮/૦૬/૨૦૧૮ ના રોજ કરેલ હુકમ અને હુકમનામું કાયમ રાખવામાં આવે છે.
- પક્ષકારોએ અપીલનું ખર્ચ પોત પોતાનું જાતે ભોગવવું.
- હુકમ મુજબ હુકમનામું દોરવું.
- દાવાનું રેકર્ડ તુરત જ અપીલ ઠરાવ તથા હુકમનામાની ખરી નકલ સાથે વિ.ટ્રાયલ કોર્ટને મોકલી આપવું.

હુકમ આજરોજ તા.**૩૦ મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૩/૨૦૨૬
સ્થળ: રાધનપુર

**રાજકુમાર રામસિંહ ચૌધરી**
એડીશનલ ડીસ્ટ્રીકટ જજ, પાટણ
મું.રાધનપુર
કોડ નં.GJ-01512